ગુજરાત મેઇલ દૈનિક

શનિવાર, 13 એપ્રિલ, 2024


# આર-ચા



# ભગવાન રામનો જન્મ સુખનું મૂળ

પરમતત્ત્વના અવતરણનું કોઈ કારણ નથી હોતું. એ અકારણ કૃપા કરે છે. છતાં પણ ‘રામચરિતમાનસ’માં ભગવાન રામનું પ્રાગટ્ય ધરતી પર કેમ થયું એ અંગેનાં કેટલાંક કારણોની ચર્ચા કરી છે. રામનું પ્રાગટ્ય શા માટે થયું એનું પહેલું કારણ શિવજીએ બતાવ્યું, જય-વિજય વૈકુંઠના દ્વાર પર ભગવાનના દ્વારપાળ હતા. સનતકુમાર દર્શન કરવા માટે ગયા અને થોડો સંઘર્ષ થઈ ગયો. એમાં મહાત્માઓએ શાપ દઈ દીધો. બીજું કારણ મહાસતી વૃંદા, જેમણે ભગવાન વિષ્ણુને શાપ આપ્યો કે આપે મારી સાથે છળ કર્યું તો રાવણ આપની સાથે છળ કરશે, આપની પત્નીનું અપહરણ કરશે અને આપને એ કાર્યનું પરિણામ રામ અવતારમાં દુનિયાને દેખાડવું પડશે. ત્રીજું કારણ નારદે શાપ આપ્યો એ બતાવ્યું. ચોથું કારણ મનુ-શતરૂપાની કઠિન તપસ્યાનું આવ્યું. પાંચમું અને અંતિમ કારણ રાજા પ્રતાપભાનુને બ્રાહ્મણોએ શાપ આપ્યો અને પછી પ્રતાપભાનુ રાવણ થાય છે. અરિમર્દન કુંભકર્ણ થાય છે. ધર્મરુચિ નામનો એનો જે પ્રધાનમંત્રી હતો એ બીજી માતાના ઉદરથી વિભીષણ બને છે.

‘માનસ’માં ભગવાન રામનું પ્રાગટ્ય થાય છે એ પૂર્વે રાવણના જન્મની કથા આવી છે. પહેલાં અસુરોની કથા આવી; પહેલાં અંધારાની કથા આવી. પછી અજવાળાની કથા આવી. રાવણ-કુંભકર્ણ અને વિભીષણે આકરી તપસ્યા કરી અને દુર્ગમ વરદાન પ્રાપ્ત કર્યાં. પરંતુ એનો દુરુપયોગ કર્યો. આખા જગતને ત્રાસ આપ્યો. આખી પૃથ્વી અકળાઈ ઊઠી. ગાયનું રૂપ લઈને ઋષિમુનિઓ પાસે જઈને રડી પડી. દેવતાઓ પાસે જઈને પોતાની પીડા ગાવા લાગી. અંતે સૌ બ્રહ્માજી પાસે ગયાં. પિતામહ બ્રહ્મા ધરતીને આશ્વાસન આપે છે, આપણને સૌને જેમણે બનાવ્યા છે એવા જે પરમાત્મા રામ છે, જે ઈશ્વર છે એમને આપણે પુકારીએ અને એ પરમાત્મા આપણને કોઈ ઉપાય બતાવશે. દેવતાઓએ સ્તુતિ કરી. આકાશવાણી થઈ.



મોરારીબાપુ

ત્રેતાયુગ. મહારાજ દશરથજી સૂર્યવંશ-રઘુવંશના રાજા. વેદવિદિત એવું એમનું જીવન. કૌશલ્યાદિ પ્રિય રાણીઓ. દરેક પ્રકારે મહારાજ દશરથનું જીવન ધન્ય હતું. પરંતુ એક વાર મહારાજ દશરથજીને ગ્લાનિ થઈ કે મારે પુત્ર નથી. દુનિયામાં કોઈને સમસ્યા હોય તો મારી પાસે આવીને કહે કે મહારાજ, મારી આ સમસ્યા છે. પરંતુ સ્વયં દશરથજીને આ સમસ્યા છે તો એ કોને કહે? અને ત્યારે તુલસીદાસજી જગતને એક વિશ્વમારગ બતાવે છે કે જ્યારે ક્યાંયથી પણ આપણી સમસ્યાનું સમાધાન પ્રાપ્ત ન થાય ત્યારે આપણા ગુરુના દ્વારે જવું. આજે રાજદ્વાર, રાજા સ્વયં ગુરુના દ્વારે જઈ રહ્યા છે. મહારાજ દશરથજી ગુરુગૃહ ગયા અને પોતાનાં દુઃખ-સુખ ગુરુ સમક્ષ રજૂ કર્યાં. વશિષ્ઠજી રાજાને કહે છે કે રાજન, હું તો ક્યારનો પ્રતીક્ષારત હતો કે મારા યજમાન મારી પાસે આવીને ‘અથાતો બ્રહ્મ જિજ્ઞાસા’ કરે તો બ્રહ્મને હું એમના આંગણામાં રમતો કરી દઉં. હવે ધૈર્ય ધારણ કરો. એક નહીં, ચાર પુત્રોના પિતા આપ થઈ જશો. પરંતુ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરવો પડશે.

ભગવાન વશિષ્ઠજીએ શૃંગી ઋષિને બોલાવ્યા. અને શૃંગી ઋષિએ દશરથને ત્યાં પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો. ત્રણેય રાણીઓએ પ્રસાદ પ્રાપ્ત કર્યો અને પછીથી રાણીઓ સગર્ભા સ્થિતિનો અનુભવ કરવા લાગી. જ્યારથી હરિ-પરમાત્મા સ્વયં માના ગર્ભમાં આવ્યા છે ત્યારથી સમગ્ર સંસારમાં સુખ-સમૃદ્ધિ છવાવા લાગ્યાં. થોડો સમય વીત્યો. પરમાત્માને પ્રગટ થવાનો અવસર નિકટ આવ્યો. જોગ, લગન, ગ્રહ, વાર, તિથિ, પંચાંગ અનુકૂળ થઈ ગયાં. ચર-અચર હર્ષયુક્ત છે કેમ કે ભગવાન રામનો જન્મ સુખનું મૂળ છે. ત્રેતાયુગ છે. ચૈત્ર માસ છે. શુક્લ પક્ષ છે. નવમી તિથિ છે. મધ્યાહ્નનો સમય છે. અભિજિત નક્ષત્ર શોભી રહ્યું છે. પાતાળના નાગદેવતા, પૃથ્વીના બ્રાહ્મણ દેવતા અને સ્વર્ગના દેવતા ભગવાનની ગર્ભસ્તુતિ કરી રહ્યા છે. અને બિલકુલ મધ્યાહ્નનો સમય થયો. અખિલ લોક નિવાસ પરમાત્મા, જે જગનિવાસ છે; સમગ્ર જગત જેમનામાં વાસ કરે છે અથવા તો જેઓ સમગ્ર જગતમાં નિવાસ કરે છે એવા પરમાત્માનું બિલકુલ મધ્યાહ્નના સમયે પ્રાગટ્ય થાય છે.

પ્રભુએ પ્રગટ કૃપાલા દીનદયાલા કૌસલ્યા હિતકારી.

હરષિત મહતારી મુનિ મન હારી અદ્ભુત રૂપ બિચારી.

કૃપાળુ પરમાત્મા પ્રગટ થયા. અદ્ભુત રૂપ છે પરમાત્માનું! મા કૌશલ્યાએ પ્રભુના રૂપનું દર્શન કર્યું. સંતો પાસેથી મેં સાંભળ્યું છે એ દરેક વખતે હું કહું છું કે પછી મા મુખ ફેરવી લે છે. ભગવાન સાક્ષાત્ પ્રગટ થયા છે અને માએ મુખ ફેરવી લીધું! પરમાત્મા પૂછી રહ્યા છે, મા, હું આવ્યો અને તું મુખ ફેરવી રહી છે? મા કહે છે, આપ આવ્યા, આપનું પરમસ્વાગત છે. પરંતુ હું મુખ એટલા માટે ફેરવી રહી છું કે એક તો આપે કહ્યું હતું કે હું નરરૂપમાં આવીશ. આજે આપ નરરૂપમાં નથી આવ્યા, ચતુર્ભુજ બનીને, ચતુર્ભુજ નારાયણ બનીને પધાર્યા છો. બીજી વાત, આપે કહ્યું હતું કે હું પુત્ર બનીને આવીશ. આપ તો સ્વયં બાપ બનીને આવ્યા છો! આપ મનુષ્ય નથી લાગતા. કૌશલ્યાએ કહ્યું, મનુષ્યને ચાર હાથ નથી હોતા, બે હાથ હોય છે. આપ બે હાથ કરી નાખો. ભગવાને બે હાથ બનાવી દીધા. પ્રભુ બિલકુલ નરરૂપમાં દેખાવા લાગ્યા. પછી માને કહેવા લાગ્યા કે હવે તો થઈ ગયો ને બાળક? માએ કહ્યું કે લાગો છો તો બાળક, પરંતુ બોલો છો મોટાઓની માફક! બાળક તો રડે છે. સુરભૂપ પરમાત્મા બાળક બનીને મા કૌશલ્યના ખોળામાં રડવા લાગ્યા. રામનું પ્રાગટ્ય થયું. વિપ્ર, ધેનુ, સુર, સંતહિત; બ્રાહ્મણોને માટે એટલે કે ધર્મને માટે, ધેનુને માટે એટલે કે અર્થને માટે, દેવતાઓને માટે એટલે કે કામને માટે અને સંતને માટે એટલે કે મોક્ષને માટે પરમાત્માએ મનુષ્ય અવતાર ધારણ કર્યો. છતાં પણ એની પાછળ કોઈ કારણ નથી. નિજ ઈચ્છાથી એમણે પોતાના શરીરને નિર્મિત કર્યું. તત્ત્વતઃ એ પરમાત્મા છે.

ભગવાન બાળક બનીને કૌશલ્યાની ગોદમાં રડવા લાગ્યા. અને મહારાજ દશરથજીના કાને એવી વધાઈ આવી કે આપને ત્યાં પુત્રનો જન્મ થયો છે. અને મહારાજ દશરથજીની પહેલી પ્રતિક્રિયા એવી રહી કે મહારાજ એકદમ બ્રહ્માનંદમાં ડૂબી ગયા! બ્રહ્માનંદની અવસ્થામાંથી બહાર આવતાં જ દશરથજી વિચારવા લાગ્યા કે જેમનું નામ સાંભળવાથી શુભ થાય છે એવા પરમાત્મા મારે ઘેર બાળક બનીને આવ્યા છે? કોણ માનશે? હવે તો ગુરુ જ નિર્ણય કરશે કે આ સાક્ષાત્ બ્રહ્મ છે કે અમારો કોઈ ભ્રમ છે? એટલા માટે ભગવાન વશિષ્ઠજીને જલદી બોલાવવામાં આવ્યા. બ્રાહ્મણો સાથે ભગવાન વશિષ્ઠજી દશરથજીને દ્વાર આવે છે. ગુરુ દ્વારા સ્પષ્ટતા થઈ કે આ સાક્ષાત્ બ્રહ્મ આપણે ત્યાં પ્રગટ થયા છે. અને આખી અયોધ્યામાં રામજનમની વધાઈઓનો આરંભ થાય છે.

## ધૂણી રે ધખાવી

# ભક્તિ તેમજ શ્રદ્ધાનો પર્યાય

હેમુ ભીખુ



hemantwala.16@gmail.com



માતાની ભક્તિ એટલે શ્રદ્ધાની ચરમસીમા, અને માતા પર શ્રદ્ધા એટલે ભક્તિની પૂર્ણતા. મા જગદંબાની અપાર આરાધના માટેના પર્વ, ચૈત્રી નવરાત્રીના નવ દિવસમાં શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયિની, કાલરાત્રી, મહાગૌરી તથા સિદ્ધિદાત્રી સ્વરૂપે માતાની ભક્તિ થતી હોય છે. પ્રત્યેક દિવસ માટે પૂજાની વિધિ વ્યવસ્થિત રીતે નિર્ધારિત કરાવી છે અને કયા દિવસે કયો પ્રસાદ ધરાવવો, કેવા પ્રકારના પુણ્યદાન કોને કરવા, કયા મંત્રનો જાપ કરવો, જેવી બાબતો શાસ્ત્રોમાં સૂચિત કરાઈ છે. આનું અનુસરણ જરૂરી ગણાય.

પરંતુ જ્યારે "માતા"ની વાત થાય ત્યારે પ્રેમ સભર ભક્તિનું મહત્વ સૌથી વધુ ગણાય. માતાને પ્રેમ કરવાનો હોય, અપાર પ્રેમ કરવાનો હોય, સદાય પ્રેમ કરવાનો, નિર-અપેક્ષિત પ્રેમ કરવાનો હોય, માત્ર પ્રેમ કરવાનો હોય. દરેક સંતાનના મનમાં માતા માટે અપાર આદર હોય, નિર્બંધ લાગણી હોય, અતૂટ વિશ્વાસ હોય, નિષ્કામ ભાવ હોય અને સંપૂર્ણ સમર્પણ હોય. માતાના કોઈપણ મંતવ્ય માટે, માતાના કોઈપણ કાર્ય માટે ક્યારેય નકારાત્મક વિચાર ઉદ્ભવી ન શકે. માતાની હકારાત્મકતા માટે ક્યારેય શંકા ન હોય. વળી, માતા સાથેનો સંબંધ સમય અને સ્થળના બંધનથી મુક્ત હોય. માતા સાથેનું બંધન હંમેશા અતૂટ રહ્યું છે - પછી તે દુન્યવી માતા હોય કે આધ્યાત્મિક.

જ્યારે દુન્યવી માતા માટે આપણને અપાર વિશ્વાસ હોય, તેના પ્રેમ માટે ચોક્કસ ખાતરી હોય તથા તેના આપણી પ્રત્યેના વ્યવહાર બાબતે કોઈપણ પ્રકારનો નકારાત્મક ભાવ સંભવી શકતો ન હોય, તો પછી આધ્યાત્મિક માતાના આપણી સાથેના સમીકરણની તો શી વાત કરવી. મા જગદંબા સદાય સંતાનનું ભલું ઈચ્છે છે, સંતાનને સાચા રસ્તે લઈ જવા પ્રયત્ન કરે, સંતાનના વિકાસમાં ભાગીદાર બને, સંતાનને શ્રેય અને પ્રેય વચ્ચેનો તફાવત સમજાવી યોગ્ય બાબતની પસંદગી કરતા શીખવાડે, સંતાનને આધ્યાત્મના માર્ગ પર ચાલવા પ્રેરે અને જરૂર જણાય તો સંતાનને શિક્ષા પણ કરે. જગત જનનીની પ્રત્યેક બાબત આપણા ભલા માટે - તેના સંતાનના ભલા માટે હોય છે.

જગત જનનીનો તેમના સંતાન સાથેનો દરેક વ્યવહાર કોઈને કોઈ હકારાત્મક કારણસર સ્થપાતો હોય છે. જગત જનની સૃષ્ટિના નિયમોનું પાલન તો કરે જ, પણ સાથે સાથે પ્રેમ સભર અપવાદ પણ માન્ય રાખે. જગતજનનીના પ્રેમાળ વ્યવહાર માટે પણ નિયમો હોય અને આ નિયમોનો વ્યાપ સંજોગો પ્રમાણે વિસ્તારાતો પણ હોય. જગત જનનીની મમતા ભરેલી વાતો સાથે કેટલીક કષ્ટ જનક પણ હોય તો સાથે સાથે તે હિતકારી હોવાની સંભાવના પણ વણાયેલી હોય. જગત જનની મબલખ આપે પણ ખરી અને જરૂર જણાય તો અભાવ પણ ઉભો કરે. એમ જણાય છે કે જગત જનનીનો માત્ર એક હેતુ છે, પોતાના સંતાનોને ક્રમશ વિકસિત કરી પૂર્ણતા સુધી પહોંચાડવા. દરેક માતા આમ જ કરે - ભલે તેમના સ્વરૂપ ભિન્ન ભિન્ન હોય.

જગત જનની દ્વારા રચાયેલ પ્રકાશમાં આશીર્વાદ સમાયેલો હોય, તો અંધારામાં કોઈક શીખ છુપાયેલી હોય. તેમના દ્વારા અપાયેલ સુખથી સંતોષનો ભાવ ઉદભવે તો દુઃખથી ઘડતર થાય. તેમના આશીર્વાદમાં તો આશીર્વાદ છુપાયેલો જ હોય પરંતુ તેમના શ્રાપમાં પણ આશીર્વાદ સમાયેલો હોય. એમના દ્વારા સ્થપાયેલ "ભાવ"થી આનંદની પ્રતીતિ થાય તો "અભાવ"થી વિશ્વના કેટલાક સમીકરણો સમજમાં આવે. તેઓ જ્યારે ખોળામાં બેસાડે ત્યારે પણ મમતા નીતરતી હોય અને જ્યારે ખોળામાંથી ઉઠાડે ત્યારે પણ એટલી જ મમતા ઉદ્ભવતી હોય. માતાની દરેક ક્રિયા પાછળ માત્ર અને માત્ર સંતાનનું હિત સમાયેલું હોય. જગત જનની ક્યારેય સંતાનને કષ્ટ પહોંચાડી ન શકે, પણ જો કષ્ટની પ્રતીતિ થાય તો તેમાં પણ સાથે જગત-માતાનો પ્રેમાળ હાથ ફરતો જણાશે.

સંતાન તૃપ્ત થાય ત્યારે માતા તૃપ્તિ અનુભવે. સંતાન હસે ત્યારે માતા હસે. સંતાન આંખો ખોલે ત્યારે માતા જુએ. સંતાન વિકાસ પામે ત્યારે માતા અને માતૃત્વ પણ વિકાસ પામે. સંતાનના દુખે માતા દુઃખી થાય અને સંતાનના સુખે માતા ઉભરાઈ જાય. સંતાનને નિષ્ફળતા માતા પોતાની નિષ્ફળતા ગણાય અને સંતાનની સફળતાનો યશ સંતાનને જ અર્પણ કરે. આધ્યાત્મની ભાષામાં કહીએ તો, સંતાન પૂર્ણતાને પામે ત્યારે માતા પણ પૂર્ણતાની પ્રતીતિ કરે. આ બધું જ દુન્યવી માતાને જેટલું લાગુ પડે તેટલું જ જગત જનનીને પણ લાગુ પડે. માત્ર સ્વરૂપ જુદા છે, આશય તો એક સમાન છે. માતા એટલે માતા - એમાં કોઈપણ પ્રકારના વર્ગીકરણની સંભાવના નથી.

માતાની ભક્તિ માટે આદર જોઈએ. માતાને ખુશ કરવા ચરિત્ર જોઈએ. માતાના સંતોષ માટે ધર્મ મુજબ આચરણ જરૂરી બને. માતાની ખુશી માટે બધાને ખુશ રાખવાની તત્પરતા જોઈએ. માતાના આનંદ માટે અંતર-આત્માના આનંદને પામવો પડે. માતાને પામવા માતૃત્વમાં હોય લક્ષણો વિકસાવવા જોઈએ. માતા બનીને કે માતા સમાન બનીને જ માતૃત્વને જાણી શકાય. આધ્યાત્મમાં આવો ભાવ શ્રદ્ધા અને ભક્તિ થકી જાગ્રત થાય.

સમજવાની વાત એ છે કે, માતાની બરોબરી કોઈનાથી ન થઈ શકે. ઈશ્વર પણ ઈશ્વર જ છે - તેમને પણ માતા નામના "સહારા"ની જરૂર રહી છે. માતા પૂર્ણ છે, અને તેથી જ તેમાંથી પૂર્ણનો ઉદ્ભવ સંભવ બને છે. આ જગત જનની જગદંબા જ સમગ્ર રચનાના કારણો સમાન છે.




# પ્રથમ પ્રવેશ દ્વાર

અંકિત ચૌધરી



iamsoankit@gmail. com

લગ્ન બાદ સફરની શરૂઆત કરવા માટે અમૃતા સજજ હતી. દેવના મનમાં પણ ઘણી મોટી મંછા ચાલી રહી હતી. તેણે અમૃતા સાથે લગ્ન તો કરી લીધા હતા અને તેને વચન પણ મળી ગયું હતું કે તે બરાબરનો હકદાર રહેશે! એટલે હવે તે નિશ્ચિત થઈને અમૃતા સાથે પ્રથમ સપ્ત ભૂમિ ચક્ર દ્વારની સફર માટે તૈયાર હતો.

લગ્ન બાદ અમૃતા અને દેવ સીધાં જ સપ્ત ભૂમિ દ્વાર પાસે આવી ગયાં અને જેવો જ તેને પાર કરવાની કોશિશ કરી કે તે ઓળંગી ન શક્યાં! અમૃતા દ્વારા એકલી પણ આ કોશિશ કરવામાં આવી પણ તે એમાં પણ સફળ ન થઈ! દેવ દ્વારા પણ આ દ્વાર ઓળંગવાની કોશિશ કરવામાં આવી પણ તેમાં તે એકલો પણ સફળ ન થયો. અમૃતા ખૂબ જ વ્યથિત થઈ ગઈ અને દેવ સામે જોવા લાગી, 'દેવ, આપણને આ દ્વાર પાર કરવામાં સફળતા કેમ મળી રહી નથી?'

'હું પણ એના વિશે જ વિચારી રહ્યો છું, અમૃતા મને લાગે છે કે આપણે એકબીજાનો હાથ પકડીને આ દ્વાર પાર કરવાની કોશિશ કરવી જોઈએ.'

દેવની આ વાત સાંભળીને અમૃતા થોડી ગભરાઈ ગઈ કેમ કે આજથી પહેલાં તેણે કોઈ પુરુષનો હાથ પકડ્યો નહોતો. તે ખૂબ જ ચિંતિત અને પરેશાન થઈ રહી હતી, આ જોઈને ફરી એકવાર દેવ બોલ્યો,

'અમૃતા તારા મનમાં ચાલી રહેલી દુવિધાને હું સમજી શકું છું, પણ હવે આપણે પતિ-પત્નીની ગ્રંથિથી જોડાઈ ગયાં છીએ, એકબીજાનો હાથ પકડવામાં કશું જ ખોટું નથી; અમૃતા તું મારો હાથ પકડી શકે છે. એમાં તારે કશીજ ચિંતા કરવાની જરૂર નથી.'

આ સાંભળીને અમૃતા દેવનો હાથ પકડવાની કોશિશ કરવા લાગી અને અમુક હદ સુધી તે તેમાં સફળ પણ થઈ. તેને દેવનો હાથ પકડી લીધો અને બોલી,

'દેવ, હવે આપણે દ્વાર ઓળંગવાની કોશિશ કરી શકીએ છીએ!'

આ સાંભળીને દેવ બોલ્યો, 'અમૃતા આપણે એકબીજાનો હાથ તો પકડી લીધો છે. અંદર કોઈપણ મુસીબત આવી શકે છે, આપણે તેનો સામનો કોઈપણ હાલમાં કરવાનો છે. અમૃતા અંદર પ્રવેશ કર્યા પછી તારે મારો હાથ છોડવાનો નથી. જો તે મારો હાથ છોડ્યો અને આપણે એકબીજાથી છૂટાં પડી ગયાં તો કોઈપણ હાલમાં આપણે ફરી મળી શકીએ નહિ! કેમ કે આપણે લગ્ન ગ્રંથીથી જોડાયાં છીએ, હજુ સુધી એકબીજાના તનથી આપણે જોડાયાં નથી.'

આ સાંભળીને અમૃતા શરમાઈ ગઈ અને બોલી, 'દેવ, આ બધા જ પાઠ વિશે હું જાણું છું. મને સપ્ત ભૂમિ ચક્રની પુસ્તકમાં આ બધા જ વિશે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત છે.'

'તો અમૃતા, હવે એકબીજાનો વિશ્વાસ કરીને આપણે અંદર પ્રવેશ કરી શકીએ છીએ!'

'હા, દેવ મને તમારી ઉપર વિશ્વાસ છે, કે હવે આપ મારો હાથ કોઈપણ હાલમાં નહિ છોડો!'

આ સાંભળીને દેવ પગ ઉઠાવતાં પહેલાં બોલ્યો,

'અમૃતા દ્વારને પાર કરવા માટે આપણે એક સાથે કદમ ઉઠાવવા પડશે! અહીંથી આપણા વિશ્વાસની શરૂઆત થશે અને એકબીજાના પૂરક થઈને આ દ્વાર પાર કરી શકીશું! સપ્ત ભૂમિચક્રનો પહેલો દ્વાર વિશ્વાસનું પ્રતીક છે, જ્યાં સુધી એકબીજાનો વિશ્વાસ કરીને આગળ નહીં વધીએ, ત્યાં સુધી આપણને બીજો દ્વાર મળવાનો નથી.'

'દેવ, આપ મહર્ષિ વંશના ન હોવા છતાં પણ સપ્ત ભૂમિ ચક્ર વિશે ઘણું જાણો છો! દેવ આપ દત્ત વંશના છો?'

'અમૃતા મને મહર્ષિજી દ્વારા જણાવવામાં આવ્યું છે. આપ મારો અવિશ્વાસ કરી રહ્યાં છો.'

આ સાંભળીને અમૃતા બોલી, 'દેવ જ્યારે મને તમારી ઉપર વિશ્વાસ હશે ત્યારે જ મેં તમારી સાથે લગ્ન કર્યા હશે. જો મારા મનમાં તમારા માટે જરાય પણ શક હોત તો, હું કોઈપણ હાલમાં તમારી સાથે લગ્ન ન કરત! હું આપનો વિશ્વાસ કરું છું પણ જે રીતે આપ બધું જાણો છો, એ જાણીને મને વિચાર આવ્યો કે આપ દત્ત વંશમાંથી તો નથી ને!'

'કોણ છે આ દત્ત વંશ?'

'કોઈ નહિ! દેવ હવે આ દ્વારને પાર કરવાનો સમય આવી ગયો છે.'

> "દેવની આ વાત સાંભળીને અમૃતા થોડી ગભરાઈ ગઈ કેમ કે આજથી પહેલાં તેણે કોઈ પુરુષનો હાથ પકડ્યો નહોતો. તે ખૂબ જ ચિંતિત અને પરેશાન થઈ રહી હતી, આ જોઈને ફરી એકવાર દેવ બોલ્યો,' અમૃતા તારા મનમાં ચાલી રહેલી દુવિધાને હું સમજી શકું છું, પણ હવે આપણે પતિ-પત્નીની ગ્રંથિથી જોડાઈ ગયાં છીએ..."

'ઠીક છે, અત્યારે તો હું આ પ્રશ્ન પૂછતો નથી પણ જ્યારે તને મન થાય ત્યારે તું મને આ પ્રશ્નનો જવાબ આપી શકે છે.'

'દેવ, સમય આવશે ત્યારે હું આ પ્રશ્નનો ઉત્તર તમને આપી દઈશ પણ હવે સમય આવી ગયો છે કે આપણે આ દ્વારને પાર કરીને અન્ય દ્વારને શોધવા માટે પ્રયાણ કરીએ.'

આટલું કહેતાં અમૃતાએ દેવને પ્રથમ દ્વાર પાર કરવા માટે ઈશારો કર્યો. દેવ અને અમૃતાએ પ્રથમ દ્વાર પાર કરવા માટે એક સાથે કદમ ઉઠાવ્યા ને તે પ્રથમ દ્વાર પાર કરવામાં તે બંને સફળ થયાં.

# તર્કનાં મીંડાંઓની દુનિયામાં શ્રદ્ધાનો એકડો ક્યાં?



હરિકૃષ્ણ શાસ્ત્રી



hdvpragyam@gmail. com

જે તર્કો અત્યારે કોંગ્રેસના પૂર્વ પ્રવક્તા અને નેતા ગોવિંદ વલ્લભ પોતાની તરફેણમાં આપીને ભાજપમાં સ્થાન મેળવવા માટે તરફડિયાં મારે છે, કે પછી જે છૂટથી એક પછી એક 'ખીચડી ચોર' જેવા દમદાર અક્ષેપો લઈને પૂર્વ કોંગ્રેસ નેતા સંજય નિરુપમ કોંગ્રેસ પર મારો કરે છે, તે જોઈને એ સમજાતું નથી કે જ્યારે આ બે, અને આવા અસંખ્ય નેતાઓ ભાજપમાં આવતા પહેલાં માત્ર મોદીને જ નહીં, ભાજપની આખી આઈડીયોલોજીને જ પેટ ભરીને ભાંડતા રહ્યા હતા, તે લોકોને આત્મજ્ઞાન થવાનું મુહૂર્ત હમણાં જ કેમ મળ્યું? જો ચોખ્ખી ગુજરાતીમાં કહીએ, તો એવા દરેકને એવો પ્રશ્ન પૂછી શકાય કે ભાઈ, તે વખતે તમારી બુદ્ધિ કયું ઘાસ ચરવા ગઈ હતી, જ્યારે તમે શ્રીરામ મંદિર, 370ની કલમ, તલાકનો મુદ્દો, સર્જીકલ સ્ટ્રાઈક-બાલાકોટ વગેરે વગેરે અત્યંત સંવેદનશીલ અને સમગ્ર ભારતના નાગરિકોની ભાવનાઓને સ્પર્શતા મુદ્દાઓ પર બિલકુલ અતાર્કિક પ્રહારો કરતા હતા? અને અત્યારે તમે એવું કયું કડબ ખાઈને આવી ગયા કે તમારો અંતરાત્મા જાગી ગયો? જરા એવા આત્મ પરિવર્તનના ઉપાયો જ્યાં પણ હોય તે જગ્યા બતાવજો, જેથી જથ્થાબંધ મેળવી પણ શકાય, અને જે લોકોને હજી નથી મળતા, તેવા લોકોને એ કડબ ખવડાવી શકીએ!

દાખલા તરીકે જયરામ રમેશ કે શશી થરૂર! આ બંને પ્રતિભાશાળી માણસો, આ બંને સુશિક્ષિત વ્યક્તિત્વો, આ બંને સારા વાચકો, અને બંને સારા વક્તાઓય ખરા. પણ એવી કઈ મજબૂરી છે કે એ બંને તાર્કિક અંધાપો ભોગવી રહ્યા હોવાની ખાતરી (ભ્રમ નહીં!) સાધારણ લોકોને પણ થાય છે!

તર્કોની આવી એક અદ્ભુત દુનિયા છે. જાણીતા ફિલ્મ નિર્દેશક, રાઈટર તેમજ નાટ્ય અભિનેતા સંજય છેલે એક વાર કહ્યું હતું કે 'આપણી ભોળી પ્રજામાં ઈમેજ વેચાય છે. સારાં કપડાં અને સુંવાળી ભાષાથી લોકો કોઈને પણ સારો માણસ ગણી લેશે. અમિતાભ કે ગુલઝાર જેવા ગંભીર અવાજને લોકો આત્માનું ઊંડાણ માની લેશે... બમ્પર-સ્ટીકર છાપ સસ્તી ફિલોસોફી લખનાર ચાલુ લેખક-લેખિકાઓને કે સસ્તા સ્પીકરોને ભોળા લોકો ગંભીર સાહિત્યકાર કે ગહન ચિંતક માની બેસે છે.. આજના ધંધાડુ સમય અને સમાજમાં સત્ય હારી જાય છે અને સનસનાટી જીતી જાય છે...'

બસ, અહીં જ સત્ય હારી જવાની અને તર્ક જ જિંદગીનું પરમ સત્ય છે, તેમ માની જવાની ઘટનાઓ દેખાતી રહે છે, અને માણસ આશ્ચર્યકારક રીતે સનસનાટી કે આધારહીન તર્કો જ ઉજાસનું સરનામું છે, તેમ માનવા મજબૂર બને છે.

કોંગ્રેસના આ બે વ્યક્તિત્વો વારંવાર ખાતરી ઊભી કરે છે કે તર્ક કે સમજદારી નહીં, પણ મજબૂરી પણ જીવનનું સૌથી મોટું સત્ય હોવું જોઈએ!

ચાલો, સમજ્યા કે ત્યાં તો જીવનની સંધ્યાએ બેઠા પછી પણ ખુરશી ગટકી જવાની પ્યાસ મટતી નથી, પણ હવે એ બાબતને તર્કથી સમજાવો કે મહેન્દ્રસિંહ ધોની કે વિરાટ કોહલી, બેય છે તો ક્રિકેટર, તો ક્રિકેટ રમવાનો પ્રચાર કેમ નથી કરતા? અને ઓનલાઈન જુગાર રમવાનો પ્રચાર કરવા કેમ મજબૂર થયા હશે? શું અબજો કમાયા પછી પણ પૈસો તેમની મજબૂરી છે? અને જરા આ બાબતને પણ તર્કથી સમજાવો, કે અજય દેવગણ, શાહરુખ અને સલમાન જેવા અભિનયના કિંગ ગણાય છે, તે લોકો એક્ટિંગ ક્ષેત્રમાં મહારથી બનવાની ટિપ્સ આપતા ન જોયા, પણ મોઢામાં તમાકુ માવા-મસાલા અને ગુટકાના ઝેર ઓરવા માટે પ્રેરણા આપતા જોયા! કોઈ તર્ક?

શું ભણેલો ગણેલો બુદ્ધિશાળી માણસ પૈસા માટે આટલી હદે મજબૂર બની શકે? સીધો જવાબ તો ના હોઈ શકે. પણ શું થાય? આંખો સામે ચોખ્ખાં ઉદાહરણો દેખાય જ છે, ત્યારે પેલા વકીલની કહાની યાદ આવે છે.

વકીલનાં પત્નીએ કહ્યું કે આપણે ઘાણીનું તેલ ખાઈએ છીએ, તે ખૂટી ગયું છે, તો જઈને ઘાંચીની ઘાણીએથી તેલ લેતા આવજો.

વકીલ ડોલચું લઈને તે લેવા ઉપડ્યા. દુકાનના થડે બેઠેલા વેપારીએ ડોલચામાં તેલ ભરવાની શરૂઆત કરી, પણ સતત એક ઘંટડીનો અવાજ આવતો હતો. વકીલે પૂછ્યું આ શેનો અવાજ છે? વેપારી કહે, 'દુકાનની પાછળ વાડામાં બળદ ઘાણી ફેરવે છે.' વકીલને કુતૂહલ થયું. વાડા પાસે જઈને ડોકિયું કર્યું. બળદ એકધારી ઝડપથી ગોળ ગોળ ફરી રહ્યો હતો. અને તેના ગળામાં ઝૂલતી ઘંટડી વાગી રહી હતી. ઘાણીમાં સીંગદાણા પિલાઈ રહ્યા હતા. વકીલે બહાર આવીને વેપારીને કહ્યું, આમ તેના ગળામાં ઘંટડી શા માટે બાંધી છે? વેપારી કહે: બળદ ચાલતો રહે છે કે ઊભો રહી ગયો, તે ઘંટડીના અવાજથી ખબર પડે. એટલે ઘંટડી બાંધી રાખી છે. ઊભો રહે એટલે ઘંટડીનો અવાજ બંધ થઈ જાય એટલે જરા ફરીથી જઈને હાકોટો પાડી આવું...

જરા વિચારીને વકીલે કહ્યું, 'પણ ભાઈ, બળદ ઊભો ઊભો જ માથું હલાવતો રહે, તો તમને ખબર કેવી રીતે પડે કે ઘાણીમાં શીંગ પીલાય છે કે નહીં?'

ક્યારના કચકચ કરતાં આ વકીલ ગ્રાહકને વેપારીએ શાંતિથી કહ્યું: 'ભાઈ, એ બળદ છે, વકીલ નથી!!'

બસ, આનંદ તો તર્કનો છે. કોઈ ખાસ સિમેન્ટની બ્રાન્ડ કે મજબૂતીની જાહેરાત માટે ખલીને ઉપયોગમાં લેવામાં આવે, તે તો જાણે સમજાય, પણ ખખડધજ શરીરના માલિક અમિતાભને પણ એક ખાસ બ્રાન્ડની જ સિમેન્ટ વાપરવા માટે કેમ જોડી દેવામાં આવ્યા છે? કોઈ લૉજિક?

શશી થરૂરે એકવાર ગરીબ અને મિડલ ક્લાસના લોકોને 'ઢોર વર્ગ' એટલે કે 'કેટલ ક્લાસ' કહીને ઉતારી પાડ્યા હતા. અને આવું તેમણે એક બે વાર નહીં, અનેકવાર કર્યું છે. શું અંગ્રેજી ભાષા સરસ બોલી જવી, વિદેશનીતિ અને ઈતિહાસના પંડિત હોવું, અને વિદેશમાં ભણીને આઈડીયોલૉજી વિનાની થઈ રહેલી કોંગ્રેસની એક ખુરશી પર ટકી રહેવું તે એમનામાં રહેલી બે ચાર ટીપાં માણસાઈ સાથે (હોય તો) ક્યાંય પણ મેચ થાય છે?

તેમને જોઈને તમે એમ જરૂર કહી શકો, કે ખૂબ ભણો એટલે સભ્યતા, સંસ્કાર અને શિષ્ટતા સાથે વૈચારિક પરિપક્વતા તમારા વ્યક્તિત્વનો ભાગ બની જશે, એવું જરા પણ માનવું નહીં.

ભગવાન શ્રીરામના અસ્તિત્વને જ પ્રશ્નાર્થના કાશ્મીરી પહાડો નીચે કચડવા માટે ફારૂક અબ્દુલ્લા આણિ કંપનીએ કાંઈ ઓછી મહેનત નહોતી કરી. પણ હમણાં તેમની એક વિડીયોક્લીપ નજરે ચડી છે. જેમાં તે પોતાના મળતિયાઓ સાથે એક મોટા હૉલમાં એક ભગવાધારી બહેનને પોતાની સાથે સોફા પર બેસાડીને તાળી બજાવીને રામ-ભજન કરી રહ્યા છે!

શું આ એક 'ક્લાસિક ઈલ્લોજિકલ લૉજિક'નું ઉદાહરણ કહી શકાય?

તમારી કોઈક એક્શનને કારણે તમારા તરફના ભાવ-પ્રતિભાવોને ટૂંકા સમય માટે તો જરૂર બદલી શકો છો, પણ આ બધા ગિમિક્સ કરવામાં એવા લોકો એ ભૂલી જાય છે, કે યહ પબ્લિક હૈ, સબ જાનતી હૈ!

પબ્લિક નિર્દોષ સવાલો પણ પૂછે છે, ત્યારે આવા નેતાઓ પાસે તેના કોઈ જ જવાબ નથી હોતા.

કોઈ લેખમાં એક વાત વાંચ્યાનું યાદ છે. એક પાદરીએ વર્ષો સુધી આફ્રિકાના આદિવાસીઓમાં સમાજ સુધારા માટે ખૂબ મહેનત કરી. આફ્રિકાના માનવભક્ષી જંગલીઓને સુધાર્યા. તે લોકો માણસ પણ ખાઈ જતા, આ આદત છોડાવી. એકવાર સુધરી ગયેલા એ જંગલીઓએ એક યુદ્ધના સમાચાર સાંભળ્યા, કે હજારો લોકોને મારી નાખવામાં આવ્યા છે! જૂની આદત હતી, એટલે એક જંગલી બોલી ઊઠ્યો કે વાહ! આટલા બધાને ખાવાની કેવી મજા પડી હશે! પાદરીએ તે જંગલીને કહ્યું: સાંભળ ભાઈ, એ બધાને ખાવા માટે નથી માર્યા.

અને તે જંગલીએ આંખોમાં જબરદસ્ત આશ્ચર્ય આંજીને પાદરીને એક વેધક સવાલ નિર્દોષભાવથી પૂછી નાખ્યો: અરે! જો એ લોકોને ખાવા જ નથી, તો માર્યા શા માટે? જંગલીએ પૂછ્યું તો ખરું, પણ પાદરી પાસે (સોરી, આખી માનવજાત પાસે) આ નિર્દોષ સવાલનો કોઈ જ તાર્કિક કે માનવીય અભિગમ સાથેનો જવાબ ન હતો ને આજેય નથી!

તમે ભણ્યા છો, આજીવન એક્ટિંગ જ કરી છે, પણ એક્ટિંગના આધારે સિમેન્ટ વેચવા દોડો, એમાં અમને કંઈ વાંધોય નથી. પણ તમે માંડ માંડ ધોરણ 12 પણ પાસ કરી શક્યા નથી, પણ અભિનયની દુનિયામાં રહીને થોડી ઘણી ઘંટડીઓ વગાડી છે, તો તમે અમારી નિર્દોષ પ્રજાને ઓનલાઈન જુગાર કે ગુટકાના રવાડે ચડાવવાના અધિકારી ક્યારથી થઈ ગયા?

આ પ્રશ્નનો જવાબ એ લોકોમાંથી કોઈ આપવા તૈયાર હોય, કે પછી 'આ બધું સારું નથી' આવી કોઈ વિનંતી એ લોકોમાંથી કોઈ માન્ય રાખતું હોય, તો કહી બતાવજો...

બાકી તો ભણેલા લોકોની ભીની પસ્તી જેવી પર્સનાલિટી જોઈને આધુનિક અને ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી યુનિવર્સિટીઓને બદલે એકાદ ઝાડ નીચે ચાલતું 'શાંતિ નિકેતન' ખોલવાની ઈચ્છા થાય છે, કે જ્યાં ઝાડ પાંદડાંનો માણસ ઝાડ પાંદડાંની જ વાત કરે, જ્યાં વર્તનનો માણસ વર્તનની વાત કરે, અને જ્યાં માણસાઈ વાળો માણસ માણસાઈની વાત કરે... કારણકે તર્ક પાસે માત્ર માથું હોય છે, હૃદય નહીં.

વ્યાસજીએ સાચું કહ્યું હતું તર્ક ખોખલા છે, અને શ્રદ્ધાવાનની મજબૂતી તેને 'જ્ઞાનના શિખર' સુધી પહોંચાડે છે... જરા કોઈ શોધી આપો, તર્કનાં મીંડાંઓની દુનિયામાં જીવનશ્રદ્ધાનો એકડો ક્યાં ખોવાઈ ગયો છે?

આસ્થા

ગુજરાત મેઈલ દૈનિક



# અનાહત ચક્રનાં મધ્યમાં આવેલ બે ત્રિકોણથી બનતો ષટકોણ, સ્ત્રી અને પુરુષનાં મિલનનું પ્રતિનિધિત્વ કરે છે

હે મા જગત જનની જગદંબા. આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચૈત્રી નવરાત્રીના પાંચમા દિવસે કાર્તિકેયની માતા કન્દ માતાને નમન કરીએ. એક સામાન્ય જીવની માતા હોય કે પછી મા જગત જનની જગદંબા હોય, એ તેના મમતાના એક અનન્ય ભાવને કારણે પ્રખ્યાત પણ થઈ શકે છે, અને કુખ્યાત પણ થઈ શકે છે. મમતાનો રંગ લાલ માનવામાં આવ્યો છે, આ ઉપરાંત કામ ભાવવાળા પ્રેમને પણ લાલ રંગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, અને એટલે જ પ્રેમીઓમાં લાલ ગુલાબની આપ લે થતી હોય છે. આપણે મુલાધાર ચક્રની શાસ્ત્રીય રચના જોઈ ત્યારે જોયું હતું કે મુલાધારનો રંગ પણ લાલ છે, કારણ કે એ કામનું કેન્દ્ર છે. પરંતુ હું પશુ નથી, હું મનુષ્ય છું, અને મારે મારા કામભાવ ને નિયંત્રિત રાખવા સંયમનની જરૂર છે. એવું થોડુંક જ્ઞાન પણ આ લાલ રંગમાં ભળે, તો એ મુલાધરમાંથી સ્વાધિષ્ઠાન ચક્ર પર પહોંચી જાય છે, અને લાલમાં જ્ઞાનનો પીળો રંગ ભળતાં એ નારંગી થઈ જાય છે, એ આપણે સૌ જાણીએ છીએ. એટલે જાગરણથી જ્ઞાન અને જ્ઞાનથી શક્તિ પ્રવાહ સુધી પહોંચવાની વાત છે. પશુમાંથી જેમ જેમ માનવી બનતા જઈએ, એમ એમ આ જ્ઞાનનો રંગ નારંગીમાં ભળી અને હજી વધુ પીળો બનાવે છે, અને મણીપુર એટલે કે રત્નોનું નગર આંતરિક ઊર્જા અને સૂર્ય દ્વારા સોષાયેલી ઉર્જાથી જગમગી ઊઠે છે. આટલું જાગરણ તો આપણાથી અવશ્ય થશે કે હું પશુ નથી! માનવ તરીકેનો જન્મ મળ્યો છે, તો કમ સે કમ માનવી બની રહીશ, પણ કામ ભાવ નિયંત્રિત કરી શકનારા પણ આપણે ઉપર કહ્યું તેમ મમતાને કારણે આ મુલાધાર પર જ રહી જાય છે, અથવા તો જો કામની અધિષ્ઠાતા હોય તો, આખું આયખું પૂરું થાય પણ નથી એનું ભોગ પર સયંમન, કે નથી કામ પર, કે નથી મમતા પર! શ્રદ્ધાની જેમ મમતા પણ સાત્વિકી રાજસી અને તામસી હોય છે, અને એની ત્રિગુણાત્મકતા જીવનને સાચી ખોટી દિશામાં દોરે છે. જેમકે ગાંધારીની મમતા તામસી હતી, અને જેણે આખા કુળનો વિનાશ નોતર્યો! એ જ રીતે માતા કુંતી અને માતા કૈકેયીની મમતા રાજસી હતી, જેણે પણ રામ રાવણ કે કૌરવ પાંડવનાં યુદ્ધ માટે મહત્વની ભૂમિકા અદા કરી. તો માતા કૌશલ્યા અને સુમિત્રાની મમતા સાત્વિકી હતી, અને તેમના ત્યાગ સમર્પણ અને બલિદાનની ગાથા આજે પણ ગવાય છે, અને એનું કારણ એ જ છે કે એમની મમતા મુલાધાર પર નહીં, પરંતુ અનાહત ચક્ર કે હૃદય ચક્રમાં પ્રેમ રુપે સ્થાપિત હતી, અને આજે આપણે સાત ચક્રમાના ચોથા ચક્ર અનાહત ચક્ર કે હૃદય ચક્ર વિશેની શાસ્ત્રીય રચના જોઈએ.

પ્રાસંગિક

ફાલ્ગુની વસાવડા



સદ્ગુરુ કૃપા હી કેવલમ

અનાહત અથવા હૃદય ચક્રએ ચોથું પ્રાથમિકચક્ર છે. જે શાક્ત બૌદ્ધ કે હિન્દુ તાંત્રિક પરંપરાઓ સાથે સંકળાયેલું છે. અનાહતનો અર્થ અનહર્ટ, અનસ્ટ્રક કે અજેટ નાદ એટલે કે અવકાશી ક્ષેત્રના અવાજ સાથે સંકળાયેલ છે. અનાહત સંતુલન, શાંતિ અને નિર્મળતા સાથે સંકળાયેલ છે. આ ઉપરાંત અનાહતનો એક અર્થ બે ભાગોનો સ્પર્શ કર્યા વિના ઉત્પન્ન થતો અવાજ! અહીં સુધી જીવ પોતાની એકની શક્તિ સાથે ઝઝુમતો હતો, અને જાગવા મથતો હતો. જ્યારે હૃદય ચક્રમાં અન્યની લાગણી કુ લાગણીનો પ્રહાર થતાં એને એ શક્તિ સામે પણ સ્પર્શ કર્યા વગર ઝઝુમવાનું છે, અને એનો અવાજ કે નાદની તીવ્રતા આ ચક્રની સક્રિયતા બતાવે છે.

અનાહત ચક્ર જે કરોડમાં હૃદયની લાઈનમાં આવેલ છે.તેને બાર પાંખડીઓ આવેલ છે. તેમાં જળચર અને ખેતર જીવોના સંસ્કાર રહેલા છે. તેના દેવતા ભગવાન શિવ છે.તેનો મંત્ર 'રં' છે.તે હૃદય અને છાતીના અવયવો સાથે જોડાયેલ છે.અનાહત ચક્રનું કે હૃદય ચક્રનું સ્થાન હૃદયનીનજીક કરોડરજ્જુની મધ્ય ચેનલમાં સ્થિત છે. અનાહતને બાર પાંખડીઓવાળા કમળના ફૂલ દ્વારા દર્શાવવામાં આવે છે, જેનો રંગ લીલો છે. અંદર બે ત્રિકોણના આંતરછેદ પર એક ધુમાડો પ્રદેશ છે, જે ષટકોણબનાવે છે .ષટકોણ એ હિંદુ યંત્રમાં વપરાતું પ્રતીક છે , જે સ્ત્રી અને પુરુષના મિલનનું પ્રતિનિધિત્વ કરે છે. ખાસ કરીને, તેનો અર્થપુરૂષ અને પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરવાનો છે. આ વિસ્તારના દેવતાવાયુ છે , જે ધુમાડા જેવા અને ચાર હાથવાળા છે, જે કુશ ધરાવે છે, અને કાળિયાર પર સવાર છે. 'ચોથું ચક્ર જેનું સક્રિય છે એવી વ્યક્તિ' પાસે હરણની જેમ નિર્દોષ આંખો હોય છે. આ ચક્ર સાથે સંકળાયેલ ષટકોણ હવાનું પ્રતિનિધિત્વ કરે છે, જે ઉપર, નીચે અને ચારેય દિશામાં ખસે છે. આ ચક્રનો બીજ મંત્ર યં છે, જેના ઉચ્ચારણબિંદુની અંદર ઈશા દેવી છે, અને ઈશા તેજસ્વી સફેદ કે વાદળી રંગની છે. તેનાં પાંચ ચહેરા વિશે અસ્પષ્ટ નિવેદન છે, અને દરેક ચેહરા પર ત્રણ આંખો છે, એ વાઘની ચામડી પહેરે છે, અને ત્રિશૂળ અને નગારું ધરાવે છે, જે ભય દૂર કરે છે. તેની શક્તિ કાકિની છે, જે ચમકતા પીળા અથવા ગુલાબી રંગની છે.તેની સંખ્યાબંધ વિવિધતા છે. બીજ મંત્રના ઉચ્ચારણ સાથે પવન દેવતા જોડાયેલ છે, અને વાયુ એટલે કે પવનનો પોતાનો બીજ મંત્ર હ્રીમ છે, જે યં સાથે બોલવાથી હૃદય ચક્રને પ્રભાવિત કરી ક્રિયાન્વિત કરવામાં મદદ કરે છે. બાર પાંખડીઓ કામ ખામ ગામ ગમ નગ્મા ચમ છમ જામ જામ ન્યામ ટેમ થામ સંસ્કૃતમાં નિશાની સાથે કોતરેલી છે, જે બાર વૃત્તિઓ કે 12 દેવી ગુણો સાથે એટલે કે આનંદ, શાંતિ, સંવાદિતા, સમજણ, સહાનુભૂતિ, સ્પષ્ટતા, શુદ્ધતા, એકતા, કરુણા, દયા, ક્ષમા, જેવા આંતર ઉજાળતા કે જીવનની શોભા વધારતા ગુણો ની પુષ્ટિ થાય છે.

આપણ સૌ જાણીએ છીએ કે પવનનો પણ એક અવાજ છે! આ ઉપરાંત પાણીનો પણ અવાજ છે આકાશમાં પણ કેટલી એ ગેલેક્સીઓ એકબીજાનો પરિભ્રમણ કરતી હોય છે, અને આકાશ ગંગામાં પણ આ ગેલેક્સી તૂટવાના, તારો ખરવાના વિવિધ અવાજો થતા હોય છે, અને ક્યારેક ક્યારેક આપણે સાંભળીએ પણ છીએ, આ ઉપરાંત આપણે ત્યાં નાદ બ્રહ્મની પણ એક આધ્યાત્મિક વાત છે. બાહ્ય પ્રકૃતિની વાત છોડીએ તો હૃદય તો ધબકારાથી જ મેન્ટેન થતું હોય છે, અને એ આપણે માનવી છીએ! આપણે માનવીએ છીએ! એવો અવાજ કરીને આપણને હરક્ષણ જગાડે છે, પરંતુ જો જાગવું હોય તો! બાકી લોકો એને સામાન્ય ધબકારા સમજી ભૂલી જતા હોય છે. જીવન પુરું થાય એ પહેલાં આ અનાહતનો નાદ આપણે અનુભવી શકીએ કે નહીં! તે નક્કી નથી થતું! પરંતુ પ્રેમ એ એક એવી સંજીવની છે,જે એક સાથે બે જીવને જીવંત બનાવે છે, તો એનો પ્રયોગ કરી શકાય! અને આપણી સાવ ખોટી માન્યતા છે કે પ્રેમ કરવા માટે કંઈક આપવું પડે! પણ પ્રેમમાં આપવા કરતાં ત્યાગવું વધુ જરૂરી હોય છે. કોઈ ને કંઈ આપી શકીએ તો બહુ સારી વાત છે પણ ન આપી શકીએ, તો એને જે વસ્તુ પર્યાપ્ત નથી એ છોડવાની તૈયારી બતાવવી એ પણ પ્રેમનું લક્ષણ છે. તો ઈશ્વરે આપ્યું હોય અને સંવેદના તીવ્ર બને ત્યારે આપવું, ન આપી શકીએ એમ હોઈએ તો ઈશ્વરને કહેવું કે તે એવાં લાયક પણ બનાવ્યા નહીં, કે બે જણની વ્યથા મીટાવી શકું! કોઈ ઝૂંપડીમાં પંખો ન નખાવી શકાય તો કંઈ નહીં! કોઈનાં દિલને ટાઢસ થાય એવાં બે વેણ બોલીને પણ પ્રેમ તત્વની પુષ્ટિ થાય છે, બસ આ રીતે છેક છેવાડાના માનવી સુધી સમન્વય કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના મા ભગવતીને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# સંન્યાસ એટલે જીવનને પૂરેપૂરું જાણી લીધા પછી સ્વાનુભવથી વૈરાગ્ય વૃત્તિનું દ્રઢીકરણ


તરુણ મહેતા (મહુવા)



પુરાણ દર્શન

ભારતીય સાહિત્યમાં વેદ એ ગંગોત્રી છે. ધાતુ પરથી જાણવું ના અર્થમાં આ શબ્દ પ્રયોજાયો છે.જેમાં પૃથ્વી પરના ભૌગોલિક, પ્રાકૃતિક અને આધ્યાત્મિક જીવનની ત્રિવેણી વહે છે. પરંતુ વેદ રચનાની કિલષ્ઠતાને લીધે સામાન્ય જનસમુદાય સુધી પહોંચી શક્યા નહીં. તેથી મહર્ષિ વેદવ્યાસે સર્વજન હિતાર્થે પુરાણ સાહિત્યની રચના કરી. પુરાણ હિંદુ ધર્મનો પ્રાથમિક ધાર્મિકગ્રંથ છે જેમાં લોકમાન્યતાઓ,કથાઓ, વંશવર્ણનો અને અવતાર ચારિત્રોનું નિર્માણ થયું છે. પુરાણના મુખ્ય બે પ્રકાર છે.1) મહાપુરણ અને 2)ઉપપુરાણ.

પુરાણ સાહિત્યની રચના ઈ.સ.પૂર્વે 400થી ઈ.સ. 1100 સુધીમાં થઈ હોવાનું માનવામાં આવે છે. ગુરુપરંપરા દ્વારા પુરાણો લોકકથાના સ્વરૂપમાં જનમાનસ સુધી પહોંચ્યા,જેમાં અનેક પુરાકથાઓ અને રાજવંશના વર્ણનો આવે છે. સામાન્ય રીતે તર્કબદ્ધ ન લાગે પરંતુ ભારતીય પરંપરામાં પુરાણ કથાના આદર્શો જીવંત સ્વરૂપે મળે છે.




પુરણનો રચનાકાળ વિધાર્મીઓના શાસન દરમ્યાન થયો. પુરાણનું મુખ્ય કામ લોક સંગઠનનું રહ્યું છે.લોકકલ્યાણ, સમુહજીવન અને સંસ્કાર આ બધું જ એક સાથે પુરાણોમાં પ્રાપ્ત થાય છે. ભારતીય શાસ્ત્રોમાં અને દસવિદ્યાઓમાં પુરાણોનું સ્થાન સ્વીકારાયું છે.

पुराणां सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणास्मृतम् ।
अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गतः ॥

અર્થાત બ્રહ્માજીએ સૌપ્રથમ પુરાણોનું સ્મરણ કરીને વેદનો ઉપદેશ આપ્યો.એટલે કે કહેવાયું છે ,

વેદ:પ્રતિષ્ઠા:સર્વે પુરાણ ચૈવ સર્વદા .

વેદ પુરાણોમાં જ સમાવિષ્ટ છે. તેમાં કોઈ સંશય નથી.

મહાભારતમાં કહ્યું છે કે, પુરાણની કથાઓ ધર્મ અને અર્થ બંનેને આપનારી છે અધ્યાત્મની દિશામાં સાધકોને આગળ વધવા માટે પુરાણ સાહિત્યનો આશ્રય લેવો જોઈએ.પુરાણમાં રાજનીતિ, ધર્મ,સમાજવિજ્ઞાન, ગ્રહ નક્ષત્ર,આયુર્વેદ, અલંકાર, વ્યાકરણ, ભૂગોળ,જ્યોતિષ આદિ સમસ્ત વિદ્યાનો મહિમા ગવાયો છે.

પુરાણોમાં ભગવાનના વિવિધ અવતારોનું વર્ણન મળે છે અને સાંપ્રદાયિક એકતાનો આધાર પણ છે. બધા જ પુરાણોમાં ભગવાન વિષ્ણુનું મહત્વ દર્શાવાયું છે.પરંતુ શ્રીમદ ભાગવત અને વિષ્ણુપુરાણમાં તેનું અધિક મહત્વ છે. વૈદિક દેવતાઓની અપેક્ષાએ આપણને આપણાં લાગતાં ભગવાન માનવમાંથી મહામાનવ તરીકેનુંઉર્ધ્વી ઉર્ધ્વીકરણ અને વૈષ્ણવ સંપ્રદાયની વૈષ્ણવી ભક્તિ અને અવધારણા પ્રાપ્ત થાય છે.આ રીતે, વિષ્ણુનો મહિમા ગવાયો છે.જ્યારે અન્ય સાંપ્રદાયિક પુરાણોના શૈવ પરંપરા, સૂર્યઉપાસકો,શાકતો અને ગાણપત્ય સંપ્રદાય વગેરેને લગતા પુરાણો પણ જોવા મળે છે.

શિવપુરાણ, લિંગપુરાણ સહિતના દસ પુરાણોમાં ભગવાન શિવનો મહિમા થયો છે.વૈદિક પરંપરાથી પ્રભાવિત થઈને પૌરાણિક સ્થળોનું વર્ણન થયું છે. પશુપતિ, ત્ર્યમ્બક,ભવ, શર્વ, ઈશાન, શૂલપાણિ, નીલલોહીત, ઋષભધ્વજ વગેરે શિવના નામોનો ઉલ્લેખ છે. જ્યારે શિવનું રુદ્ર અને સૌમ્ય બંન્ને સ્વરૂપ જાણવા મળે છે.

પુરાણોમાં ભગવાન શિવ અને વિષ્ણુની તુલનામાં સૂર્યનો પ્રભાવ ઓછો છે. સૂર્ય પણ નારાયણની જ ઉપાસનાનો અંશ છે.પ્રત્યક્ષ દેવ હોવા છતાં તેની મહત્તા એટલી ગવાણી નથી.

પુરાણ સાહિત્યમાં વેદના સુત્રોની સરળ રજુઆત કથાનકો દ્વારા કરવામાં આવી છે. પુરાણના પાંચ લક્ષણો અને મહાપુરણના દસ લક્ષણો ગણવામાં આવ્યા છે. આ સાહિત્ય માનવદેહ અને મોક્ષનો ગાન કરનારું સાહિત્ય છે એટલે જ પુરાણ સાહિત્યમાં માનવદેહનો મહિમા ગવાયો છે.રામાયણ પણ કહે છે:-

'બડે ભાગ માનુષ તનુ પાવા
સુર દુર્લભ સદગ્રંથ હી ગાવા'

આ દેહ દેવતાઓનર પણ દુર્લભ છે.પ્રભુનાં નામની નૌકાથી સદગુરુરૂપી કેવટ માનવને ભવસાગર પાર કરાવી દે છે. તત્કાલીન જીવનનું અંતિમધ્યેય મોક્ષપ્રાપ્તિ હતું. પરંતુ તેમાં અર્થ એવો ન હતો કે જીવનરસ ન હતો. ચારેય પુરુષાર્થોનું ધર્મ,અર્થ,કામ અને મોક્ષનું નિયત આયુષ્ય 100 વર્ષમાં વિભાજન કરવામાં આવેલું. જીવનનો દષ્ટિકોણ ભારરૂપ ન હતો. જીવનને ઉત્સાહનું એપિસેન્ટર માનવામાં આવતું. સંન્યાસની વ્યાખ્યા જીવનથી ત્રાસી ગયેલા કે નિષફળ ગયેલાં દ્વારા સંસારનાં અવગુણ ગાઈ સર્વનો ત્યાગ કરવો તેવી ન હતી. દરેક ઈન્દ્રિયોને સમ્યક ભોગ પછી યોગ્ય સમયે નિવૃત કરવાનો મહિમા હતો. શ્રીમદ ભગવદ્ગીતામા પણ 'યુકતાહાર વિહારસ્ય 'એવું વિધાન મળે છે. સંન્યાસ એટલે જીવનને પૂરેપૂરું જાણી લીધા પછી સ્વાનુભવથી વૈરાગ્ય વૃત્તિનું દ્રઢીકરણ. પુરણકાળનું શિક્ષણ પણ જીવનલક્ષી હતું. તેમાં અનેક કળા અને કૌશલ્યનો સમાવેશ થતો હતો. ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણ મહારાજાના પુત્રો હતા ,છતાં ગુરુકુળમાં ભણવા ગયા હતાં. ત્યાં ગુરુના આદેશ મુજબ અનેક કર્યો કરી વિદ્યાની પ્રાપ્તિ કરી હતી. આ સમીર અભ્યાસ આત્મલક્ષી હતો.માત્ર પૈસો કમાવવામાં ઉપયોગી થાય તેવો ન હતો. રામાયણ અને ભાગવત બન્ને ગ્રંથોમાં માનવદેહે અવતરેલા ઈશ્વર ગુરુ પાસે વિદ્યા મેળવે છે તેવો ઉલ્લેખ મળે છે.

'ગુરુ ગ્રહ પઢન ગયે. રઘુરાઈ
અલ્પકાલ વિદ્યા સબ પાઈ'
(રામાયણ)


શ્રીરામ અને શ્રીકૃષ્ણે ગુરુકૂળ અભ્યાસની પ્રણાલી સાચવી 64 વિદ્યાનો-કલાનો અભ્યાસ કરી તેમાં નિપુણતા મેળવી હતી.

મધ્યકાલીન સાહિત્ય-પુરાણોના પ્રભાવમાં લખાયું છે. પરંતુ પૌરાણિક સૌંદર્ય દ્રષ્ટિનો વિચાર કરીએ તો આપણને ખ્યાલ આવે કે તે સમયે સમાજમાં સૌંદર્યનો કેવો મહિમા હશે.શ્રીમદ ભાગવતમાં શ્રીકૃષ્ણ વૃંદાવન ગાયો ચરાવવા જાય ત્યારે તેમાં સૌંદર્યનું અદ્દભુત વર્ણન મળે છે. જેને મસ્તક પર મોરપંખનો મુકૂટ ધારણ કર્યો છે, સારા અભિનેતાની જેમ નૃત્ય કરતાં કરતાં ચાલે છે ,કાનમાં કરેણના ફૂલ લગાવ્યા છે ,પીળું પીતાંબર પહેર્યું છે.કેડ પર કસોટો (પીતાંબરનો )વાળ્યો છે. કમરમાં મોરલી ખોસી રાખી છે તેની આગળ ગોધન ચાલે છે પાછળ ગોપ ગોવાળો તેનો મહિમા કરતાં થાકતા નથી. આમ કથાનાયકની ઉપસ્થિતિને એટલી રસપ્રદ બનાવી છે કે આપણે સહજ રીતે આશ્ચર્ય ચકિત થઈ જઈએ.પુરુષો અને સ્ત્રીઓ બન્નેના શૃંગારનું વર્ણન જોવા મળે છે. સ્ત્રીઓ અને પુરુષો બન્નેના આભૂષણોમાં કેટલાંક મતે બન્ને વચ્ચે સામ્ય હતું. મોટાભાગે સૌંદર્યની આ દ્રષ્ટિમાં સ્ત્રીઓ આગળ હતી.ત્યારે આટલા પ્રસાધનો ન હતાં તેમ છતાં આ સ્ત્રીઓ કુદરતી વસ્તુનો ઉપયોગ,પીંછા, ફૂલ,ફુલના રંગો વગેરે દ્વારા સૌંદર્ય પ્રસાધનની સામગ્રીઓ તૈયાર કરતી. આટલું જ નહીં પણ જેટલા પ્રસાધનો વધુ તેટલી સમૃદ્ધિ વધુ.વળી, કેટલીક વિશિષ્ટ જાતિના વિશિષ્ટ અલંકારોનું પણ મહત્વ છે. તેનો ઉલ્લેખ પણ મળે છે.

આમ,પુરાણ સાહિત્ય જીવનવ્યાપન ,જીવનવિસ્તાર અને આનંદનું આગવું મુકામ બની રહ્યું હતું.

# નાવિકે ચતુરાઈથી શ્રી રામના પાદ પ્રક્ષાલન કર્યા

યોગેશભાઈ જોશી



joshiyogesh10164@gmail.com

સામાન્ય રીતે આપણા માનસમાં એવી મનોગ્રંથિ હોય છે કે, ફકત વિદ્વાન, શિક્ષિત કે સાક્ષર વ્યક્તિઓ જ હોંશિયાર, દક્ષ, ચતુર અને ચાલાક હોય છે, જ્યારે અજ્ઞાની, નિરક્ષર કે અભણ વ્યક્તિઓ ડફોળ, મૂર્ખ કે ગમાર હોય છે. હકીકતમાં આ માન્યતા કે મનોગ્રંથિ વાસ્તવમાં સત્યથી વેગળી અને ભૂલભરેલી છે. ક્યારે પણ કોઈ વ્યક્તિને અંડર એસ્ટિમેટ (નજર અંદાજ) ન સમજવો જોઈએ. માણસની પરીક્ષા એનાં ગુણો થકી થતી હોય છે નહીં કે એનાં શિક્ષણ થકી. ઘણાં વ્યક્તિઓ વિદ્વાન અને સુશિક્ષિત હોય છે, છતાં પણ, અધમ અને નઠારાં કૃત્યો કરતાં હોય છે, જ્યારે ઓછું ભણેલ તથા નિરક્ષર વ્યક્તિઓ ઉત્તમ, ઉમદા તથા સમાજને બોધપાઠ મળે એવાં કામો કરી બતાવે છે. માટે કોઈ વ્યક્તિનાં જ્ઞાનને એનાં શિક્ષણ સાથે જોડવું એ બરોબર કે વ્યાજબી નથી. મેં એવાં દાખલા જોયેલાં છે કે અભણ કે નિરક્ષર વ્યક્તિઓની સૂઝબૂઝ સાક્ષર વ્યક્તિઓ કરતાં વધારે ઊંચી હોય છે અને વખત આવ્યે તેઓ ભલભલાં સુશિક્ષિતોને પણ સાણસામાં લઈને છક્કડ ખવરાવી દે છે. રામાયણમાં આનું એક અનુભવસિદ્ધ ઉદાહરણ શ્રી વાલ્મીકિ મુનિએ તથા શ્રી તુલસીદાસજીએ સાબિત કરીને બતાવેલ છે.

ભગવાન શ્રી રામ પોતાના પિતાશ્રી દશરથ રાજાનું વચન પાળવા માટે ૧૪ વર્ષનાં વનવાસ માટે વનપ્રસ્થાન કરીને દરરોજ એક ગામથી બીજે ગામ ગમન કરતાં રહે છે. શ્રી રામની સાથે માતા સીતા તથા ભાઈ લક્ષ્મણ પણ જોડાયા હોય છે. એક વખત વહેલી સવારે ત્રણેયને સામે ગામ જવાનું થાય છે, પરંતુ સામે ગામ જવા માટે ફરજિયાત હોડીમાં બેસીને ગંગા નદી પાર કરીને જવું પડે એમ હતું .શ્રી રામે આજુબાજુ નજર દોડાવી તો એમને નદી કાંઠે ફક્ત એક જ હોડી નજર આવી અને પ્રભુએ નાવિકને ગંગા પાર લઈ જવા માટે વિનંતી કરી કે, હે નાવિક તું અમને ત્રણેય વ્યક્તિઓને હોડીમાં બેસાડીને ગંગાના સામે કાંઠે ઉતારી દે, તારી હોડીની જે ઉતરાઈ (ભાડૂ)થતી હશે તે તને હું ચૂકવી દઈશ. આ નાવિકે ભગવાન શ્રી રામચંદ્રના ચરિત્ર વિશે તથા વનપ્રસ્થાન અંગે ઘણી વાતો સાંભળી હતી. આ નાવિક અભણ જરૂર હતો, પરંતુ બહું અનુભવી, ચબરાક, ચતુર અને શાણો હતો. નાવિકે પલભરમાં જ વિચારી લીધું કે ધન્યભાગ્ય મારાં કે આજે સાક્ષાત પ્રભુ શ્રી રામે સામે ચાલીને મારી હોડીમાં બેસવાની તૈયારી બતાવી છે, મારૂં તો જીવન ધન્ય બની ગયું. નાવિકે વિચાર્યુ કે જો હું શ્રી રામનાં ચરણ પખાળવાનો મોકો ગુમાવીશ તો ફરીથી આવો મોકો નહીં મળે અને મારૂં જીવતર એળે જશે.

પાછું એમ પણ વિચાર્યું કે જો હું શ્રી રામને સીધેસીધું પૂછીશ કે પ્રભુ મને આપનાં ચરણ પખાળવાની અનુમતિ આપો, પછીથી જ, હું તમોને મારી નાવમાં બેસાડી. હવે જો પ્રભુ શ્રી રામ એમ કરવાની અનુમતિ ન આપે તો મને એમનાં પાદ પ્રક્ષાલન કરવાની જે અમૂલ્ય પ્રતિભાવ તક સાંપડી છે એ ગુમાવવાનો વખત આવશે.

આ નાવિક અભણ હતો, પરંતુ એની સૂઝબૂઝ બહું ઊંચી હતી, એટલે એણે બે હાથ જોડીને પ્રાર્થના પૂર્વક પ્રભુ શ્રી રામને કાકલૂદી કરતાં જણાવ્યું કે, હે!પ્રભુ મેં ક્યાંકથી સાંભળ્યું છે કે, આપની ચરણ રજમાં ગજબનો જાદૂ છે. આપનાં ચરણ રજના સ્પર્શ માત્રથી શિલામાંથી સ્ત્રી બની જાય છે, માટે પ્રભુ, મારા મનની શંકાનું સમાધાન કરવા માટે,મને આપનાં ચરણ ધોવાની અનુમતિ આપો, પછી આપનાં ચરણો પખાળીને મને ખાતરી થાય પછીથી, હું આપને મારી નાવડીમાં બેસાડીશ. જો હૂં આપનાં ચરણો પખાળ્યા વિના આપને મારી નૌકામાં બેસાડું અને આપની કામણગારી ચરણરજથી મારી હોડી સ્ત્રીમાં પરિવર્તિત થાય તો મુજ ગરીબની આજીવિકા જતી રહે, વળી મારે એક પત્ની તથા બાળકોનું ભરણપોષણ કરવાનાં સાંસા પડે છે એમાં એક બીજી સ્ત્રીનો ઉમેરો થાય તો, હું બેઉ સ્ત્રીઓને કઈ રીતે પાલવી શકું? અને બન્ને સ્ત્રીઓ સ્ત્રી સહજ ઈર્ષ્યાથી પીડાઈને લડી મરે તો મારે કોનો પક્ષ લેવો?, પ્રભુ મારી તો જિદંગી બરબાદ થઈ જાય માટે મારી શંકાઓનું સમાધાન કરવાને વાસ્તે, મને આપનાં પાવન ચરણ પ્રક્ષાલન કરવાની અનુમતિ આપો, કારણ કે, મારી તો મતિ મારી ગઈ છે. માતા જાનકી પોતાની સિકસ્થ સેન્સથી નાવિકની ચતુરાઈ પામી ગયાં અને મર્માળુ સ્મિત કરીને શ્રી રામને જણાવ્યું કે, આર્યપુત્ર, નાહક સમય બરબાદ કરવો પોષાય એમ નથી અને આપણે સામે ગામ જવા હોડીમાં બેસ્યા સિવાય છૂટકો નથી અને આ ચતુર નાવિક આપના પાદ પ્રક્ષાલન કર્યા વગર આપણને નાવડીમાં બેસાડી ગંગા નદી પાર કરાવશે નહીં. ત્યાર પછી પ્રભુ શ્રી રામે નાવિકને પોતાનાં ચરણ પખાળવાની અનુમતિ આપી અને નાવિકે ગંગાજીના પાવન જળ વડે કાષ્ઠની કાથરોટમાં ભગવાન શ્રી રામનાં ચરણ ધોયાં અને પગ ધોયેલાં જળનું ચરણામૃત લીધું. આમ એક અભણ નાવિકે પોતાની સૂઝબૂઝ અને બુદ્ધિ ચાતુર્યથી ભગવાન શ્રી રામનાં પાદ પ્રક્ષાલન કરી ધન્ય બન્યો અને પાપ મુક્ત થયો.



# વિશ્વમાં કોઈ પણ ખૂણે, કોઈ પણ આબોહવા હોય તો પણ રક્ત તો સૌનું લાલ જ હોય...

માયા દેસાઈ



મુંબઈ

હાલમાં જ સૌએ ઉમંગભેર હોળીનો તહેવાર ઊજવ્યો.એમા સૌએ એકબીજાંને હોય એનાં કરતાં અલગ રંગથી રંગ્યા. કોઈને ગુલાબી પસંદ તો કોઈને પીળો. બે ત્રણ કલાકની એ રંગભરી મસ્તીને અંતે દર્પણમાં જોતાં ન ઓળખાય એવી હસ્તી બની જાય.એ રંગ તો ધોતાં નીકળી જાય છે પણ ઐક મહત્ત્વની વાત શીખવી જાય છે. એ છે આત્માનાં રંગની. ત્વચાનો રંગ ગમે તે હોય પણ સૌની રગોમાં દોડતું રક્ત એક જ રંગનું હોય છે.

આટલાં મોટાં વિશ્વમાં કોઈ પણ ખૂણે, કોઈ પણ આબોહવા હોય તો પણ રક્ત તો સૌનું લાલ જ. માનવનું નિર્માણ કરતી વખતે ઈશ્વરે કદાચ એટલે જ આ કરામત કરી હશે જેથી માનવ સીમાંકન કરી રાજ્ય, રાષ્ટ્રને બાંધે તો એને યાદ રહે કે આ ભાગલાનો કોઈ અર્થ નથી. કદ, ત્વચાનો રંગ,આંખો કે કેશની વિભિન્નતા બક્ષી એણે વિવિધતા આણી પણ માનવનાં કલુષિત મને એને જીવન મરણનાં જંગમાં ફેરવી નાખ્યો.

રંગ એટલે ઉલ્લાસ, જીવંતતા અને આનંદનું પ્રતીક.પૃથ્વીની ઉત્પત્તિ સાથે જ રંગે જન્મ લીધો હશે કારણકે પાણીનાં વિવિધ રંગોથી લઈ પહાડોની વિવિધ છટા પણ રંગની મિજબાની જ. શહેરની યાંત્રિક જીવનશૈલીથી થાકી આપણે જ્યારે ખૂબ બરફથી લદાયેલા પર્વતો જોવા જઈએ છીએ ત્યારે બે દિવસમાં જ આપણી આંખો લાંબે સુધી ક્યાંય વૃક્ષ કે ભૂરું આકાશ જોવા તલસી જાય છે. આમ રંગ સાથે ઈશ્વરે આપણને એવાં જોડી દીધાં છે કે નાનું બાળક પણ પહેલી વાર ચિત્ર દોરે તો સૂર્યનું દોરશે કારણ કે એની પાસે મબલખ રંગો ભર્યાં છે.

રંગની વાત કરીએ તો કુદરતે નાની કીડીથી માંડી ડાયનોસોર જેવાં મહાકાય પ્રાણીને પણ વિવિધ રંગોથી ભરી દીધાં છે. વળી સૌનાં રંગમાં એક અર્થપૂર્ણ સંદેશ, એક લય અને શિસ્તતા જોવા મળે છે. એમનું સંરક્ષણ કે જીવવા માટે સંઘર્ષ બધું જ આ રંગ રચનાને સંલગ્ન હોય છે. કાચિંડા જેવા અનેક પ્રાણીને વાતાવરણ સાથે ભળી જવાનો જાદુ પણ એ જ ઉપરવાળો કરે છે.

દાડમ કે મકાઈનાં દાણાની સંરચના, મગફળી , તુવેર કે વટાણાનાં દાણાની ગોઠવણ કરનારો 'એ' કઈ એન્જિનિયરીંગ કોલેજમાં શીખ્યો હશે! એની કરામતનાં કિસ્સા એટલે સોયની અણીથી માંડી બે હાથે પકડી ન શકાય એવાં વિવિધ રંગી પુષ્પો. એ રંગ સંયોજન બનાવતાં તો ચિત્રકારને વર્ષો નીકળી જાય તો સૂર્યાસ્ત કે સૂર્યોદયની રંગ છટા કેમેરામાં કેદ કરી પણ મન ન ધરાય ત્યારે એને એમ જ કહેવાનું મન થાય ,' તુ સી ગ્રેટ હો!'

એક તરણાંથી માંડી બસો,ત્રણસો વર્ષ જીવતાં વૃક્ષો, બર્ફીલા પ્રદેશમાં થતી શેવાળ કે રણમાં થતો કાંટાળો થોર..આ બધાંનો રંગ લીલો જ કહેવાય પણ સૌ ભિન્ન ભિન્ન. આ લીલો રંગ ધારણ કરતાં પહેલાં વૃક્ષો વિવિધ પણ ચોક્કસ રંગનાં પર્ણો ધરાવે છે એ પણ રસમય પ્રક્રિયા છે. વળી મહેંદીની તો વાત જ નિરાળી, જેટલી ઘૂંટાય એટલો ઘેરો લાલ રંગ !પાંદડું લીલું ને રંગ રાતો. આદિ માનવે પ્રથમ રંગો પ્રકૃતિ પાસે જ લીધા હતા. જે સહેલાઈથી ધોવાઈ જતા અને કોઈ આડ અસર પણ નહીં. ત્યાર બાદ માનવ કૃત્રિમ રંગો તરફ વળ્યો અને ઘોળાયા વેર ઝેર અને બીભત્સતાના દૂષણો.

પીપળાના ઘેરાં ગુલાબી પાન , ગુલાબની એ લાલાશ પડતી કૂંપળો, ગુલમહોર કે આમલીના સાવ પોપટી નવાં પાંદડા.આ જ પાંદડાં વયમાં આવતાં ઘેરાં લીલાં રંગમાં ઝબોળાઈ જાય પણ બધાંની તાસીર અલગ. સૌની પોતાની અલગ ઓળખ.આ પર્ણો ખરી પડવા પણ એટલાં જ તત્પર અને રંગધારી.. પીળાં અને પછી આછાં તપકીરી.

ફૂલોમાં તો ઉપરવાળાએ આખી રંગ દાની ઉલેચી નાખી હોય એવું લાગે. સોયની ટોચ જેવું કદ હોય અને બે હાથે ચાલવું પડે એવું મસ્ત કમળ જોઈ આફરીન પોકારી જવાય.મનુષ્ય આદિ અવસ્થામાં તો આ કુદરતી રંગધારકો પાસેથી જ રંગ લેતો.એની સંગાથે પોતાના મનનાં ભાવ આલેખતો. કેસૂડાં સંગ હોળી તો આગવી જ સંગત પ્રકૃતિની.

આમ રંગોનું માનવજીવનમાં વસી જવું એ સહજ હોવાં છતાં આવશ્યક પણ છે જ. દરેક રંગને એક ખાસ ભાવના સાથે વણી એને માનવે જીવનમાં સ્થાન આપ્યું છે. લાલ રંગને પ્રેમનું પ્રતીક તો લીલાને સમૃદ્ધિ સાથે ,આસમાનીને જળ સાથે તો ભગવાને સંન્યાસી કે શૂરાતન સાથે તો સફેદને શાંતિ કે સમાધાન સાથે.સૈન્યના ખાખી રંગનો દેશની અંદર કે સરહદે પાડ ભૂલાય એવો નથી. અપશુકનિયાળ ગણાતો કાળો રંગ તો કામણગારો છે જે આજનાં જેટયુગમાં પણ પેલી મેશનું ટપકાં રૂપે અસ્તિત્વ ધરાવે જ છે બૂરી નજરથી બચવા.

પાની રે પાની તેરા રંગ કૈસા,
જિસમેં મિલા દો લગે ઉસ જૈસા!

આમ પાણી જેવી અણમોલ ભેટ ઈશ્વરે રંગહીન આપી છે જે સ્વીકાર કરવાનું શીખવે છે,ભળી જવાનું શીખવે છે.આમ તો પાણી આપણું જીવન છે પણ એની પ્રવાહિતામાથી જ્યાં ઢાળો ત્યાં ઢળી જવાનું શીખવા જેવું છે

એકવાર કામણગારા કૃષ્ણને રંગ સાથે રમત કરવાનું મન થયું. કૂતુહલ જરૂર થાય કે વિશ્વને એનાં રંગમાં રંગનારો અને એણે શું રમત માંડી હશે! શ્રીકૃષ્ણ મથુરાનાં એક રંગારા પાસે ગયા અને કહ્યું, ' મારે આજે સૌને વસ્ત્ર રંગી આપવા છે, મને એક બાલદી ભરીને રંગ આપી દે.' રંગારો તો પહેલેથી જ શ્રીકૃષ્ણનો ભક્ત હતો તેથી એણે તરત જ એક રંગની બાલદી આપી દીધી, કશું જ પૂછપરછ વિના.

શ્રીકૃષ્ણ તો એ બાલદી લઈ એક ચોકમાં આવી ઊભા રહ્યા અને જોરજોરથી બૂમ પાડી સૌને બોલાવવા લાગ્યા. 'આવો , હું કપડાં રંગી આપું, તમારાં મનગમતાં રંગે. આવો જલદી, સાવ મફત.' આ સાંભળી લોકો પહેલાં ધીમે,પણ પછી ગિરદી વધવા લાગી. કોઈ ધોતિયું, કોઈ કુરતું, કોઈ ચાદર, કોઈ ફેંટો લઈ આવવા લાગ્યાં. કદાચ વગર પૈસે હતું તેથી વધુ લોકોનો ધસારો થયો. શ્રીકૃષ્ણની કમાલ એટલે જેને જે રંગે રંગવું એ મુજબ રંગી આપતા. કોઈને લાલ, કોઈને નારંગી, કોઈને લીલાં રંગે રંગી આપતા પણ એ જ બાલદીમાંથી.


ધીમે ધીમે ગિરદી ઓછી થવા લાગી, લોકો રંગેલાં કપડાં લઈ રાજીપો ભોગવવા લાગ્યાં. બપોર ઢળી ગઈ, સાંજ પડવા આવી. શ્રીકૃષ્ણ બાલદી લઈ પાછા ફરવાની તૈયારી કરી રહ્યા હતા તેવામાં એક પુરુષ આવ્યો.સાવ સાદો , સામાન્ય કપડાંમાં આવી ઊભો રહ્યો. એણે એક ઉપરણું લંબાવતા રંગી આપવાની વિનંતી કરી. શ્રીકૃષ્ણે બાલદી નીચે મૂકતાં પૂછ્યું, 'કેવાં રંગે રંગું આને?' પેલા પુરુષે હાથ જોડીને કહ્યું, ' હે દેવ, તમારી બાલદીમાં જે રંગ છે ને એ જ રંગે રંગી દો. હું સવારથી જોઈ રહ્યો છું,તમે સૌને એક જ બાલદીમાંથી તેમનાં મનગમતાં રંગે કપડાં રંગી આપ્યાં, એમની ઈચ્છા પ્રમાણે. પણ મારે તો તમારી ઈચ્છા પ્રમાણે રંગાઈ જવું છે. કદાચ મારો રંગ સ્વાર્થનો હોય તો તમારો નિ:સ્વાર્થતાનો રંગ ઈચ્છીશ. મારા અહંકારના રંગને આપ સમર્પણના રંગમાં રંગી દો. દુન્યવી રંગોને આપના ચૈતન્યના રંગમાં પલટી દો. આપની કૃપાથી મારાં જીવનમાં રંગ છે, આપના વિના મારું શું અસ્તિત્વ! તેથી જ કહું છું..

મોહે રંગ દે , મોહે રંગ દે, મોહે અપને રંગ મેં રંગ દે!'

શ્રીકૃષ્ણની કૃપા થાય અને આપણે પણ એની બાલદીમાંથી એની ઈચ્છા પ્રમાણે રંગાઈ જવા તૈયાર રહીએ. એ રંગ ચઢે તો બધાં જ રંગ ફિક્કા લાગે.

# કુળદેવી કે કુળદેવતા











કુળદેવીને માનતા હોય તો આ વાત જરૂર વાંચજો - કુળદેવી અને કુળદેવતાનો મહિમા શું છે, તે કેટલા પ્રભાવશાળી છે અને આપણા જીવનમાં અને પરિવારજનોના જીવન પર અસર કરી, તે કેટલા બધા ફાયદા આપી શકે છે તે સમજો....

આપણે ત્યાં ... રામ, કૃષ્ણ, શિવ, ગણેશ, હનુમાનજી.... અંબાજી, બહુચરાજી, મહાકાળી, સરસ્વતી, મહાલક્ષ્મી, ખોડીયાર, ચામુંડા... આમ ઘણાં દેવી દેવતાઓ છે.... તો પછી આ વધારાના કુળદેવી કે કુળદેવતા ની શી જરૂર છે...?

આવા પ્રકારના પ્રશ્નો આજકાલ યુવા પેઢીના લોકો પૂછતાં હોય છે. અને આવા પ્રશ્ન થાય તે સ્વાભાવિક પણ છે. તો આજે આ ⋆કુળદેવી કે ⋆કુળદેવતા ભૈરવ દાદા, કે ક્ષેત્રપાલ બાપા વિશે વાત કરીએ.

કોઈ એમ પૂછે કે... અમદાવાદમાં આટલા બધા સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો છે, તો પછી આ... GP (જનરલ પ્રેક્ટિશ્નર) કે ફેમિલી ડોક્ટરો ની શું જરૂર છે.? તેવી, આ વાત છે...!

અરે ભાઈ, રોજીંદા કામમાં કે સામાન્ય દર્દમાં, સ્પેશ્યાલિસ્ટ ની જરૂર ન હોય. સામાન્ય તાવ કે શરદી ઉધરસ માટે તો આપણા ફેમિલી ડોક્ટર ની જ જરૂર પડે. દર્દ લાંબા સમય સુધી ચાલે કે આપણા ફેમિલી ડોક્ટરથી ન મટે તો જ મોટા ડોક્ટર પાસે જવાનું હોય.

બસ આવું જ કુળદેવી કે કુળદેવતા, સુરાપુરા, બાપાજી કે અન્ય નામે ઓળખાતા દેવતા માટે છે. જેમ આપણા ફેમિલી ડોક્ટર ને આપણા પોતાના કે આપણા કુટુંબના દરદ અને તાસીર ની ખબર હોય છે, તેમ આપણા કુળદેવી ને આપણી મુશ્કેલીઓ, આપણા પૂર્વજો ના સ્વભાવ, કર્મ અને આપણાં પરિવારની નબળી બાજુની પણ જાણ હોય છે. જેથી કુળદેવી આપણને કે આપણા પરિવારની સાચી ⋆દવા આપી આપણને સંસારમાં સાચી દિશા તરફ દોરી જાય છે.

દરેકના કુળ પ્રમાણે કુળ દેવી કે દેવતા હોય છે. જેની અસીમ કૃપા થી આપણો પરિવાર સુખ, શાંતિ, અને સલામતી અનુભવતો હોય છે. કુળદેવતા કે સુરાપુરા નાં આશીર્વાદ થી સુખ અને શાંતિ, જે કદાચ આપણને, કરોડો રૂપિયા કમાતા લોકો ના ઘર માં નથી જોવા મળતી, તેવું આધ્યાત્મિક તેજ અને સંતોષ, કુળદેવીની કૃપા થી, આપણા પરિવાર માં જોવા મળે છે ..ને આ એક સત્ય હકીકત છે. વળી આ કુળદેવતા આપણું રક્ષણ કરે છે તથા કોઈ સમયે જીવનમાં ખોટા રસ્તે ભટકી જતા હોઈએ તો, સાચો માર્ગ બતાવે છે.

કુળદેવી શું કરી શકે છે.?

જીંદગીમાં અત્યાર સુધી પડતી મુશ્કેલી અને આવનાર મુશ્કેલીઓ માટે માર્ગદર્શક બની તમારી રક્ષા કરશે.

આપણને ખોટા નિર્ણય લેતા રોકશે, અને સાચા નિર્ણય માટે માર્ગદર્શક બની તમારી આગળ ચાલશે.

જે વ્યક્તિને આ સત્યનો અહેસાસ અને અનુભવ થતો હોય તેના માટે છે. આમાં તાર્કિક દલીલને કોઈ સ્થાન નથી.

આ માટે શું કરવું જોઈએ..?


વર્ષમાં એક વખત તો અવશ્ય કુળદેવી કે કૂળદેવતા (ઈષ્ટદેવ)ની મુલાકાત લો. - દર્શન કરવા જાવ.

પરિવારના વડીલો પાસેથી કુળદેવી કે ઈષ્ટદેવ વિશે જાણકારી મેળવી, તમારા પરિવારના નાના સભ્યોને જણાવો.

કુળદેવી ને ધરાવવાની કે ચઢવવાની વસ્તુઓ ની નોંધણી કરી પરીવારના બીજા સભ્યો અથવા વિદેશમાં રહેતા લોકોને જાણ કરો.

પોતાના પરિવાર અથવા કુટુંબની પ્રથા પ્રમાણે દરેક પરીવારમાં નિવેદ... થતાં હોય છે, તો તે વિગતો અનુસાર માતાજી ને કે કુળદેવી ને નિવેદ અવશ્ય કરવા.

શ્રધ્ધા અને વિશ્વાસ એક અદ્ભુત ચીજ છે, જે ચમત્કાર પણ સર્જી શકે છે.! -- હા, આજે પણ..! તો કોઈ પણ કુળદેવી ની ઉપાસના કરવી હોય તો, શ્રધ્ધા અને વિશ્વાસ થી જ કરવી જોઈએ.

જયશ્રી પટેલ

miltaja05@gmail.com

આટલું અવશ્ય સમજો

આપણા કુળદેવી ને કુળદેવતા આપણી ભાવભક્તિનાં ભૂખ્યા છે. તેઓ ને કોઈ ચીજ વસ્તુઓ કે નિવેદ ( ) ની ભૂખ ન હોય. તેમનામાં શ્રદ્ધા રાખીશું તે આપણા માટે સારી છે. નહિ રાખીશું તો તેમને નુકસાન નહિ થાય - આપણને થશે.

કુળદેવી, ઈષ્ટદેવ પરિવાર માં બધાની ઈચ્છા પૂરી કરે. કોઈ એક ચોક્કસ વ્યક્તિ સાથે બંધાયેલા નથી.

જો તમે કુળદેવીને માનતા હોય તો આ મેસેજને શેર કરીને બીજા લોકોને પણ કુળદેવી કે કુળદેવતા નું મહત્વ જણાવજો જેનાથી બીજા લોકોમાં પણ કુળદેવી અને કુળદેવતા પ્રત્યે શ્રદ્ધા જાગૃત થશે, અને તેમના પરિવારમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ વધશે

જય કુળદેવી માતાજી

**रिद्धि दे सिद्धि दे, अष्ट नव निद्धिदे**
**वंश में वृद्धि दे, माँ भवानी,**
**हृदय में ज्ञान दे, चित में ध्यान दे**
**अभय वरदान दे, शंभूरानी.**
**दुःख को दूर कर, सुख भरपुर कर**
**आश संपूर्ण कर दास जानी। सज्जन सो मित्र दे, कुटुंब में प्रीतदे**
**जंग में जीत दे, माँ भवानी.**

કુળદેવી, કુળદેવતા, ની કૃપા મેળવી તમે સૌ સુખી અને સંપત્તિવાન બનો સ્વસ્થ રહો અને માત પિતાની સેવા કરો... તેવી શુભેચ્છાઓ સાથે

**विशेष जानकारी के लिए...**
**गुरुजी**
**अध्यक्ष**
**पीताम्बरा पीठ शोध संस्थान**
**कर्णावती**
**मोबाइल. 9426222266**
**(सिर्फ दोपहर 2 सें 5 के बीच)**
**शनिवार रविवार के सिवा**
**यान्तु देवगणाः सर्वे**
**पूजामादाय मामकीम्।**
**इष्टकाम प्रसिद्ध्यर्थं**
**पुनरागमनाय च।।**
**#अनंतचतुर्दशी**